**REGISTER OF CASES TRIED BY MR.K.J.DARJI – ADDL. CHIEF METROPOLITAN MAGISTRATE, AHMEDABAD**

IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)

-----------------------------------------------------------------

CRIMINAL CASE NO.3346/18.

-----------------------------------------------------------------

આંક–

| | | |
|---|---|---|
| ક. | કેસનો અનુક્રમ નંબરઃ | ૩૩૪૬/૨૦૧૮. |
| ખ. | ગુન્હો બન્યાની તારીખઃ | 11/01/2018. |
| ગ. | ફરિયાદની તારીખઃ | 11/01/2018. |
| ઘ. | ફરિયાદીનુઃ | શ્રી સરકાર |
| ચ. | આરોપીના નામ, ઉંમર અને રહેઠાણ : | મૂકેશભાઈ લાલાભાઈ ડામોર,ઉ.વ.૨૮. રહેવાસી– ઝલક કોમ્પ્લેક્ષ,દેવાસ ફલેટ,ગુપ્તાનગર,વાસણા,અમદાવાદ. |
| છ. | ફરીયાદમાંનો આરોપ અથવા સાબિત થયેલો આરોપ : | ઈ.પી.કો. કલમ ૨૮૩ |
| જ. | આરોપીઓનો જવાબ અને તપાસણી.<br>**સવાલ :** તમોને પોલીસ પેપર્સની નકલ મળેલી છે?<br>**જવાબ :** હા જી<br>**સવાલ :** તમો આરોપીએ ફરીયાદમાં જણાવેલ સ્થળ અને સમયે તમારા કબ્જામાં અથવા હવાલાની કોઈ મિલ્કતની કોઈ વ્યવસ્થા નહિં કરી, કોઈ જાહેરમાર્ગમાં કોઈ વ્યક્તિ માટે ભય ઉભો કરી અને અડચણ કરી ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે, જે ગુન્હો તમોને કબુલ છે?<br>**જવાબ :** હા, મને સ્વેચ્છાએ ગુન્હો કબુલ છે. | |

----------------

તા. ૧૧/૦૧/૨૦૧૮. મારી રૂબરૂ

અમદાવાદ.

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ**

**<u>ઝ. નિર્ણય:</u>**

આ કામમાં વાસણા પો.સ્ટે. ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમઃ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૦૭, અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ બાદ આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજૂ કરેલ છે અને ત્યારબાદ આરોપીની તેમની વિરૂધ્ધના ગુના સબબ આંક–૩, થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓએ ગુનો કબુલ છે તેવું જણાવેલ છે.

સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**<u>ટ.સજા કે આખરી હુકમ.</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો. કલમઃ ૨૫૨ હેઠળ ઈ.પી.કો.કલમઃ ૨૮૩, ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– ( અંકે રૂપિયા એકસો) પૂરા દંડ કરવામા આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧ (એક) દિવસની સાદી કેદની સજા કરવામા આવે છે.

મુદ્દામાલ ટ્રેકટર નં.જી.જે.૧૮ એ.આર. ૪૧૦૯ તથા ટ્રોલી નં. જી.જે.૧૮, એ.ટી.૩૫૨૩,તેના મૂળ માલિકને પરત કરવી.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

અમદાવાદ.<br>
તા.૧૧/૦૧/૨૦૧૮.

એડી. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,<br>
અમદાવાદ.